**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૮/૦૭/૨૦૧૭ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૬૧/૧૭**

## માધવપુરા પોલીસ સ્ટેશનઃ-

સીની.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી માધવપુરા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમો તથા સાથેના હે.કો વનિુભાઇ હરજીવનદાસ બ.ન.૭૮૦૯, તથા સ્ટાફના માણસો સાથે પો.કો.સંજયસિહ ભક્તિસિહ અને પો.કો.વિનુજી હરિસિંહ નાઓને સંયુક્ત બાતમી હકીકત આધારે આજરોજ કાલુપુર શાકમાર્કેટની પાછળ બાદશાહ કંપની નામની દુકાનની સામેના ભાગે દિવાલ પાસે ખુલ્લી જગ્યાએથી આરોપી આશીક ઉર્ફે અંકિત S/o ઇકબાલહુસેન શેખ ઉ.વ.૩૧ રહે. મુસ્લીમ મહોલ્લો, હુસેનીચોક, ગ્રામ પંચાયતની પાછળ, નરોડા ગામ, અમદાવાદના કબ્જામાંથી વગર પાસ પરમીટનો પરપ્રાંતીય ઇગ્લીશદારુની બોટલ નંગ-૯૭ ઇગ્લીશદારુના ક્વાટર્સ નંગ-૪૭૯ તથા બિયર ટિન નંગ-૧૧૮ તમામની કિ.રૂ.૧૬૭૯૦૦/- તથા અંગઝડતીના નાણા રૂ.૧૧૦૦/- અને એક સેમસંગ મોબાઇલ ફોન કિ.રૂ.૧૦૦૦/- સાથે મળી <u>કુલ્લે કિ.રૂ.૧,૭૦,૦૦૦/-</u> ના મુદ્દામાલ સાથે તા.૧૮/૭/૧૭ ના કલાક ૦૧.૧૫ વાગે પકડી અટક કરી તેના વિરુધ્ધ માધવપુરા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં-૫૧૯૩/૧૭ થી પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) મુજબ ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. તા.૧૮/૭/૧૭.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુંઆયોજન કરી, કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ











નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.